| | | |
|---|---|---|
| | જનસંપર્ક અધીકારી દ્વારા<br>પોલીસ કમિશનરશ્રીની કચેરી,<br>અમદાવાદ શહેર (P.R.O.)<br>ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩<br>કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,<br>૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦ | |

તા.૧૩/૦૮/૨૦૨૧ શુક્રવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-

સમાચાર યાદી નં.૧૪૬૮/૨૦૨૧

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૧૨/૦૮/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૬૩૬ | ૦ | ૧૧૬૩૬ | ૧૭૭૪૭ | ૦ | ૧૭૭૪૭ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૭૩૨ | ૦ | ૪૭૩૨ | ૬૨૬૮ | ૦ | ૬૨૬૮ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૧૦૭ | ૦ | ૧૦૭ | ૩૭૪ | ૦ | ૩૭૪ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૬૭૭૦૫ | ૧૩૮ | ૬૭૮૪૩ | ૬૮૪૯૨ | ૧૪૯ | ૬૮૬૪૧ |
| | કુલ | ૮૪૧૮૦ | ૧૩૮ | ૮૪૩૧૮ | ૯૨૮૮૧ | ૧૪૯ | ૯૩૦૩૦ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૯૬ | ૨,૯૧,૫૫૦/- |

| પત્રક-૩ | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૧૩૦૦ | ૧૩,૦૦,૦૦૦/- |

# ચોરીના ગુનાના આરોપીની અટકાયતની વિગત

## ગુજરાત યુનિવર્સીટી પોલીસ સ્ટેશન

## મોબાઇલ ફોન ચોરીના આરોપીને મુદ્દામાલ સાથે પકડી પાડતી ગુજ.યુનિ.પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી સંજય શ્રીવાસ્તવ સાહેબ તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૧ શ્રી રાજેન્દ્ર અસારી સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૧ ડો.રવિન્દ્ર પટેલ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "ખ" વિભાગ એલ.બી.ઝાલા સાહેબ અમદાવાદ શહેર નાઓએ અમદાવાદ શહેરમા બનતા મિલ્કત સબંધી ગુના બનતા અટકાવવા સારુ અવાર નવાર સુચનાઓ આપેલ હોય જે સુચના અન્વયે ઇન્ચાર્જ પોલીસ ઇન્સ્પેકટરશ્રી વી.એમ.દેસાઇ ગુજરાત યુનિવર્સીટી પોલીસ સ્ટેશન નાઓના માર્ગદર્શન મુજબ સર્વેલન્સ એ.એસ.આઈ ઈન્દ્રજીતસિંહ મહોબતસિંહ બ.ન-૫૪૦૮ નાઓ સાથેના સ્ટાફના માણસો સાથે તા-૧૨/૦૮/૨૦૨૧ ના પોલીસ સ્ટેશન વિસ્તારમા પેટ્રોલિંગમા હતા દરમ્યાન ખાનગી રાહે ચોક્ક્સ સંયુક્ત બાતમી હકીકત આધારે એક ઇસમને ચોરી કરેલ મોબાઇલ ફોન સાથે પકડી લઇ ગુજ.યુનિ.પોલીસ સ્ટેશન પાર્ટ એ.ગુ.ર.ન-૧૧૧૯૧૦૧૭૨૧૧૧૩૧/૨૦૨૧ ધી.ઈ.પી.કો કલમ-૩૭૯ મુજબના ગુનાના કામે ચોરીમાં ગયેલ મો.ફોન સાથે આરોપીને પકડી પોકેટ કોપ તથા ઇ ગુજકોપની મદદથી આરોપીના ગુનાહિત ઇતીહાસની તપાસ કરી ગુનાના કામે મો.ફોન કબજે કરી અત્રેના પો.સ્ટે.નો ગુનો ડીટેક્ટ કરી ગુજ.યુનિ.પોલીસે પ્રશંસનીય કામગીરી કરેલ છે.

**કબ્જે કરેલ મુદ્દામાલ**

VIVO કંપનીનો VIVO Y50 મોડલનો આસમાની કલરનો મો.ફોન જેનો IMEI NO.861556047076616, 861556047076608 નો છે જેની કિ.રૂ.૯૦૦૦/- ની ગણી શકાય

**શોધાયેલ ગુનો -** ગુજ.યુનિ.પોલીસ સ્ટેશન પાર્ટ એ.ગુ.ર.નં-૧૧૧૯૧૦૧૭૨૧૧૧૩૧/૨૦૨૧ ધી ઈ.પી.કો કલમ-૩૭૯ મુજબ

**કામગીરી કરનાર અધીકારી/કર્મચારીઓ**

(૧) એ.એસ.આઈ ઈન્દ્રજીતસિંહ મહોબતસિંહ બ.ન-૫૪૦૮ (૨) પો.કો.વિક્રમસિંહ જોરસંગભાઇ બ.નં.૧૦૦૧૦ (૩) પો.કો.સહદેવસિંહ ભુપતસિંહ બ.નં.૧૦૨૨૮ (૪) પો.કો.અજીતસિંહ અભેસિંહ બ.નં.૯૯૪૭ (૫) પો.કો.નિલેશભાઇ કેશવલાલ બ.નં.૫૯૩૨ (૬) પો.કો.શક્તિસિંહ મહેન્દ્રસિંહ બ.નં.૭૧૭૮ (૭) પો.કો.ભાવેશભાઇ અમ્રુતભાઇ બ.નં.૭૨૮૫ (૮) લોકરક્ષક વિશાલભાઇ જયેશભાઇ બ.નં.૧૨૫૬૬ (૯) લોકરક્ષક પ્રવિણભાઇ કનુભાઇ બ.નં.૧૨૩૩૩ (૧૦) વુ.પો.કો.નિર્મળાબેન વિનુભાઇ બ.નં.૬૯૫૦

**આરોપીનુ નામ-.** દિનેશભાઇ મોહનભાઇ અઘેરા ઉ.વ.૪૦ ધંધો.મજુરી રહે.ચીનુભાઇની ચાલી, આંબેડકર કોલોની સામે, ભુદરપુરા રોડ, આંબાવાડી, અમદાવાદ શહેર





**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૪૬૯/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૪ કેસ કરી, ૩૬ વ્યક્તિઓને ઝડપી, ૯૪ લીટર દેશી દારૂ, ૩૩૪ બોટલ ઇંગ્લીશ દારૂ, ૬૨૪ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧ સ્કુટર અને ૧ રીક્ષા કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૮ કેસ કરી, ૩૭ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૯૧,૮૦૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૪૭૦/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૫૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**છેતરપીંડીની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૧૪૭૧/૨૦૨૧**

**ઓઢવઃ** શબરેઆલમ મુખ્તારએહમદ શેખ (ઉ.વ.૩૪) (રહે. ચંગુ માસ્તરની ચાલી, નુર મહેલ હોટલ પાસે રખિયાલ) એ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે શબરેઆલમ શેખ તા.૧૨/૦૮/૨૦૨૧ સવારના ૧૦/૪૫ વાગ્યાના સુમારે ઓઢવ સોનીની ચાલી પાસે આવેલ યુનીયન બેન્ક ખાતે પૈસા ભરવા ગયા હતા ત્યારે બેન્કમાં મળેલ બે પુરૂષો શબરેઆલમ શેખને બેન્કની બહાર ઈન્ડીયન ઓઈલ પેટ્રોલપંપ નજીક લઈ જઈ વિશ્વાસમાં લઈ રૂમાલમાં પૈસાનુ બંડલ બતાવી જેમાં રોકડ રૂપિયા ૧,૫૦,૦૦૦/- છે તેમ કહી શબરેઆલમ શેખ પાસેના રૂપિયા ૫૦,૦૦૦/- મેળવી લઈ કાગળનુ બંડલ આપી નાસી જઈ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ વુ.પો.સ.ઈ.શ્રી કે.આર.પરમાર ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૧૪૭૨/૨૦૨૧**

**નરોડાઃ (૧)** મુકેશ રવિન્દ્ર સોનર (રહે. કર્ણાવતી સોસાયટી શેલ્બી હોસ્પીટલ સામે નરોડા) એ તા.૧૧/૦૮/૨૧ રાતના ૮/૪૦ વાગે નેશનલ હેંડલુમના ગેટ આગળ પાર્ક કરેલ પોતાની કારના દરવાજાનો કાચ તોડી અજાણી વ્યક્તિ કારમાંથી બેગ ચોરી કરી લઈ ગઈ હતી. જે બેગમાં સોના-ચાંદીના દાગીના કિમત રૂપિયા ૧,૦૦,૦૦૦/- મતા હતી. આ અંગેની ફરીયાદ મુકેશ સોનરે નરોડા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એ.એમ.પટેલ ચલાવે છે.

**નરોડાઃ** (૨) રાજેન્દ્રભાઇ રામજીભાઇ પટેલ (રહે. શ્રી પ્રકાશ સોસાયટી મોહનનગર સોસાયટીની બાજુમા નરોડા) એ તા.૧૨/૦૮/૨૦૨૧ ના રોજ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૯/૦૮/૨૦૨૧ સવારના ૯/૪૫ વાગ્યાના સુમારે નરોડા દેવી સીનેમા સામે બળીયાદેવ સર્કલની બાજુમાં ખુલ્લા મેદાન પાસે સફેદ રંગની સ્વીફ્ટ કારમાં આવેલ સાધુ જેવા પુરૂષો રસ્તો પુછવાના બહાને રાજેન્દ્રભાઈ પટેલને વાતોમાં વ્યસ્ત રાખી નજર ચુકવી ગળામાંથી સોનાનો દોરો કિમત રૂપિયા ૫૦,૦૦૦/- ચોરી કરી લઈ નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી ડી.કે.મોરી ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી